# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા માનવ નિર્માણનું શ્રેષ્ઠ કાર્ય થઈ રહ્યું છે : આચાર્ય દેવવ્રત

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગરના દ્વિતીય પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતા રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના દ્વિતીય પદવીદાન સમારોહમાં ડિગ્રીધારક વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતા જણાવ્યું છે કે, માનવ નિર્માણનું કાર્ય જ ખરા અર્થમાં સૌથી મહત્વનું છે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આ દિશામાં શ્રેષ્ઠ કાર્ય થઈ રહ્યું છે.







રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં માનવ નિર્માણની પ્રક્રિયાની શરૂઆત ગર્ભાધાન સંસ્કારથી જ થાય છે અને સમગ્ર જીવનમાં સોળ સંસ્કારોથી વિભુષિત માનવી ખરા અર્થમાં માનવ બને છે. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં શ્રેષ્ઠ બાળકના અવતરણ માટે ગર્ભાધાન સંસ્કારનું આગવું મહત્વ છે ત્યારે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તેજસ્વી બાળક, તેજસ્વી ભારતના કર્મમંત્ર સાથે આ દિશામાં સ્તુત્ય પ્રયાસો થઈ રહ્યા છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, બાળકનું નિર્માણ એવું થવું જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે શ્રેષ્ઠ માનવ તરીકે વિકસે.

તેમણે આજના આધુનિક યુગમાં માનવી ખરા અર્થમાં માનવ બને તેવા જીવન મૂલ્યોની સ્થાપનાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. શ્રેષ્ઠ બાળકના અવતરણથી શ્રેષ્ઠ માનવનું નિર્માણ થાય છે જેનાથી શ્રેષ્ઠ પરિવાર, શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણ દ્વારા શ્રેષ્ઠ વિશ્વનું નિર્માણ થાય છે. આ વાતને કેન્દ્રમાં રાખીને ભારતના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. રાજ્યપાલશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ચાલી રહેલા વિવિધ પ્રકલ્પો અંગે પણ પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી અને મહાનુભાવોના હસ્તે ૧૦૧ વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમો માટે પદવી એનાયત કરાઈ હતી જ્યારે ૦૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા.

શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું જે સપનું જોઈ બીજ રોપ્યું હતું તે યુનિવર્સિટી આજે વટવૃક્ષ બની છે. આજે યુનિવર્સિટીનો બીજો પદવીદાન સમારોહ યોજાઈ રહ્યો છે તેનાથી વૈશ્વિકસ્તરે આગવી ઓળખ ઊભી થઈ છે.

શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીની દૂરંદેશીતાથી ગુજરાતના અને દેશના યુવાનો વૈશ્વિક સ્તરનું શિક્ષણ મેળવે એ માટે ગુજરાતમાં વિવિધ રક્ષા શક્તિ યુનિવર્સિટી, સંસ્કૃત યુનિવર્સિટી, IITE જેવી અનેકવિધ નવી યુનિવર્સિટીઓ ભવિષ્યની જરૂરીયાતો ધ્યાને લઈને ગુજરાતમાં સ્થાપના કરી હતી એ આજે વટવૃક્ષ બનીને દેશ-વિશ્વને મદદરૂપ થઈ રહી છે જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

શિક્ષણ રાજ્યમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે પદવી પ્રાપ્ત વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાળકોના સર્વાંગી વિકાસ માટે શરૂ કરેલી વિશ્વની પ્રથમ એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી આજે પૂર્ણ રીતે કાર્યરત થઈ છે જે આપણા માટે ગૌરવ સમાન છે. અગાઉ ગુરુકુળમાં ઋષિમુનિઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે ૬૪ કળાઓની શિક્ષા માત્ર ૬૪ દિવસમાં આપવામાં આવતી હતી. આપણી પાસે અગાઉ નાલંદા અને તક્ષશિલા જેવી પ્રસિદ્ધ વિશ્વવિદ્યાલય કાર્યરત હતી જેના થકી નૈતિક મૂલ્યોનું સિંચન થતું હતું. બાળકોમાં આ મૂલ્યો આજે પણ એટલા જ જરૂરી છે તેને આપણે પુનઃસ્થાપિત કરવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખૂબ મોટી ભૂમિકા નિભાવશે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. હર્ષદભાઈ શાહે બીજા પદવીદાન સમારોહમાં સ્વાગત પ્રવચન કરતા કહ્યુ કે, સમગ્ર વિશ્વમાં એક આગવી ઓળખ ઉભી કરનાર વિશ્વની એક માત્ર આ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું સપનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયુ હતું એણે તેર વર્ષની સફર પૂર્ણ કરી છે. આ યુનિવર્સિટીની મૂર્તિ ભગવાન અને જીવન બાળક છે. બાળ વિકાસના તમામ આયામોને સમજવાનું, તેને સુધારવાનું અને સમગ્ર સમાજનું જરૂરી અવલોકન કરવાનું આ યુનિવર્સિટીનું મહત્ત્વનું કામ કરે છે.

શાહે ઉમેર્યુ કે, યુનિવર્સિટીના માન્યતા વિભાગે શાળાઓનું મૂલ્યાંકન કાર્ય શરૂ કરવામાં આવ્યું છે જેનાથી શાળાઓના વિકાસની ગતિમાં વધારો થશે. તા.૫મી માર્ચ ૨૦૨૨ના રોજ ગર્ભવતી મહિલાઓ અને તેમના પરિવારો માટે માતૃત્વ જાગરણ 'સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૭૭ લોકો હાજર હતા. ગર્ભાવસ્થા અને ગર્ભપાત દરેક બાળક મહત્વ ધરાવે છે. યુનિવર્સિટી દ્વારા આ કાર્ય સતત ૧૨ વર્ષથી કરાઈ રહ્યુ છે અને અત્યાર સુધીમાં ૪૦,૦૦૦થી વધુ માતાઓએ માતૃત્વની દીક્ષા મેળવીને અદભૂત બાળકોને જન્મ આપ્યો છે. યુનિવર્સિટી કેમ્પસમાં અશ્વિની આયુર્વેદ ચિકિત્સાલયનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જેનો લાભ ઘણા લોકોને મળી રહ્યો છે.

એટલું જ નહી તા. ૬ થી ૯ માર્ચ, ૨૦૨૨ દરમિયાન અંડર-૧૧ એથ્લેટિક્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં ગુજરાતમાંથી ૩૩૦૮ બાળકોએ ભાગ લીધો હતો. બાળકોને મોબાઈલથી જમીન પર લાવવામાં સફળ રહ્યા. વિદ્યાનિકેતન વિભાગ દ્વારા તા.૧૧ થી ૧૫ મે, ૨૦૨૨ દરમિયાન કલામૃતમ ૨૦૨૨ સમર કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે જેમાં ૧૦ લાખ બાળકોનું રજીસ્ટ્રેશન થવાની અપેક્ષા છે. "ભારત જ્ઞાન પરિક્ષા' એક ખાસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે જેના દ્વારા ગુજરાતના અસંખ્ય બાળકો ભારત વિશે દુર્લભ માહિતી મેળવી શકશે.

આ યુનિવર્સિટીમાં ગોલ્ડમેડલ માટે દાન આપનાર ચારેય દાતાઓનો ઋણ સ્વીકારીને તેમણે ઉમેર્યુ કે,ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) એ 'ટોય હાઉસ' માટે રૂ. ૪ કરોડ ૮૦ લાખનું ઝજીઈ ફંડ આપીને ગુજરાતના બાળકોને રમકડાં દ્વારા શિક્ષણના વિવિધ વિષયો ખૂબ જ સરળતાથી સમજવાની સુવિધા આપી છે.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ યુનિવર્સિટીના ટોય વિભાગ દ્વારા તૈયાર કરાયેલા ક્લાઈમેટ ચેન્જ ગેમનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત રાજ્યપાલશ્રી દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના હિન્દી તપોવન ગીતનું લોન્ચિંગ તેમજ વિવિધ વિભાગ દ્વારા લખાયેલા પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ ચાર ટોય વાન પૈકી આજે ત્રણ વાનનું શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું જે રાજ્યભરની શાળાઓમાં જઈ બાળકોનું ટોય ક્ષેત્રે મનોરંજન કરશે.

આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલ સચિવશ્રી ડૉ. અશોક પ્રજાપતિએ આભારવિધિ કરી હતી.

## ગાંધીનગર મને ગમે છે...



\- ભૂપતસિંહ ચૌહાણ

ગાંધીનગર મને ગમે છે કારણ કે ૭ વર્ષમાં આ શહેરે મને મારા વતનની અનુભૂતી કરાવી છે. વિશ્વભરમાં ગ્રીન કેપીટલ તરીકે ઓળખાતુ આ શહેર આવનાર મુલાકાતીને ના ગમે એવુ બને જ નહીં. અને મારા કિસ્સામાં પણ એવુ જ થયુ અને આ શહેરને હું પોતાનું બનાવી બેઠો. ગાંધીનગર મને આધુનિક શહેરની સાથે સાથે ગ્રામ્યજીવનની અનુભૂતિ કરાવે છે. લગભગ ૩૨૫ ચો.કિ.મી. વિસ્તારમાં વિસ્તરેલ આ શહેર રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, પ્રાકૃતિક સૌંદર્ય, મનોરંજન વગેરે ક્ષેત્રે ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. મે આ શહેરમાં એકબાજું લોકશાહીના મંદિર સમાન વિધાનસભા જોઈ છે. તો બીજી બાજું આઈઆઈટી સીટી, જીઆઈડીસી, મધુર ડેરી જેવા આર્થિક પ્રવૃત્તિના કેન્દ્રો જોયા છે. મે આ શહેરમાં સ્વામિનારાયણ મંદિર, પંચદેવમંદિર મંદિરોમાં આધ્યાત્મિકતા જોઈ છે. તો આઈઆઈટી જેવી શિક્ષણ સંસ્થાઓ પણ જોઈ છે. શહેરમાં આવેલા વૃક્ષો વસંતઋતુમાં સોળેકળાએ ખીલી ઉઠે છે. જે મનને અનેરી શાંતી આપે છે. ગાંધીનગરના રસ્તાઓ અને સેક્ટર પ્રણાલી મને સિંધુસમા જ્ઞાની નગર સંસ્કૃતિની યાદ અપાવે છે. સ્વચ્છ અને ટ્રાફિક નિયંત્રિત રસ્તાઓ આગવું આકર્ષણ ધરાવે છે. અહીંયા આવેલ મહાત્મા મંદિર, રેલ્વે સ્ટેશન, ઈન્દ્રોડા પાર્ક મનને મોહિત કરી નાખે છે.

ખાસ વાત મને ગમતી હોય તો એ છે શહેરમાં રાજ્યભરના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આવે છે. એટલે ગુજરાતના તમામ વિસ્તારની સંસ્કૃતિ, ભાષા વગેરે ગાંધીનગરમાં મે જોઈ છે. જેના લીધે આ શહેર સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે એમ કહું તો અતિશયોક્તિ નહિ.

આ શહેરમાં વસવાટ કરતા લાખો યુવાનો અને શહેરીજનોનો પ્રેમ મારા મનમાં ગાંધીનગરની અલગ જ છાપ છોડી છે અને મારા વ્યક્તિત્વને ખિલવ્યું છે.



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઈન્ડોનેશિયાના પ્રસિદ્ધ સામાજિક કાર્યકર પદ્મશ્રી અગુસ ઈન્દ્ર ઉદયને રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગાંધીવાદી મૂલ્યોના પ્રચાર-પ્રસાર માટે ભારત સરકારે તેમને પદ્મશ્રી સન્માનથી સન્માનિત કર્યા છે.

# ટીંટોડા ખાતે રબારી સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા

## ૫૧ નવયુગલોને આશીર્વચન અને નવજીવનની શુભેચ્છા આપી





ગાંધીનગર, તા. ૨૪

ગોરસ ગાંધીનગર, જિલ્લા રબારી સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા આયોજિત પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રબારી સમાજના આગેવાનોએ મુખ્યમંત્રીશ્રીનું ભવ્ય સન્માન પાઘડી અને ગુલાબનો મોટો હાર પહેરાવીને પહેરાવીને તથા સ્મૃતિ ચિહન આપીને કર્યું હતું. કેસરી ખેસ ઓઢાડી રબારી સમાજના સંતોએ પણ તેમનું સન્માન-અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રબારી સમાજના ૫૧ નવયુગલોને દાંપત્ય જીવનની શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા હતા.તેમણે રબારી સમાજના આગેવાનો, દાતાઓ તેમજ આયોજન સમિતિના હોદ્દેદારોને સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવા માટે અભિનંદન આપ્યા હતા. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે,દરેક સમાજને સાથે રાખી ગુજરાત સરકાર આગળ સૌના સાથ,સૌના વિકાસ,સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી આગળ વધી રહી છે. સૌ સાથે મળી ગુજરાતનો વધુ વિકાસ કેવી રીતે થઈ શકે એ માટે વિચારીએ અને પ્રયત્ન કરીએ એવી અભ્યર્થના પણ તેમણે વ્યક્ત કરી હતી. પ્રત્યેક નવ યુગલોને ઘરવખરીની રૂ.પાંચ લાખથી વધુની રકમ ભેટ સોગાદો આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, સંતો-મહંતો, રબારી સમાજના રાજકીય-સામાજિક આગેવાનો અને ૨૫૦૦૦થી વધુ લોકો સમૂહ લગ્નમાં ભાગ લઈ નવ દંપતીને શુભેચ્છા આપી હતી.

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે વિરલ પારિવારિક શાંતિ અભિયાન યોજાયું

## પારિવારિક શાંતિ અભિયાન થકી પ્રમુખસ્વામી મહારાજનો સંદેશો લાખો લોકો સુધી પહોચાડી શતાબ્દી સેવકોએ સમાજ સેવાનું ખૂબ જ સારું કાર્ય કર્યું : મુખ્યમંત્રી

લોકસેવામાં સદા પ્રવૃત્ત મ્છૈંજી સ્વામિનારાયણ સંસ્થા દ્વારા તાજેતરમાં સતત અઢી મહિના સુધી પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે એક વિશિષ્ટ સામાજિક અભિયાન 'પારિવારિક શાંતિ અભિયાન -૨૦૨૨' હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત ઘરો ઘર ઘૂમીને પારિવારિક શાંતિ અને એકતાનો સંદેશ આપનારા બી.એ.પી.એસ.ના એ હજારો નિસ્વાર્થ સ્વયંસેવકોને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર શાહીબાગ ખાતે બિરદાવવામાં આવ્યા હતા.



આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'પારિવારિક શાંતિ અભિયાન' અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજનો સંદેશો લાખો લોકો સુધી પહોચાડી શતાબ્દી સેવકોએ સમાજ સેવાનું ખૂબ જ સારું કાર્ય કર્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, દરેક કાર્યો અને કાર્ય કરવાની પદ્ધતિ શ્રી પ્રમુખસ્વામી મહારાજના સંદેશો થકી આપણે સૌ શીખ્યા છીએ.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં મને પણ ગુજરાતની સેવા કરવાનો અવસર મળ્યો છે અમારી સરકાર છેવાડાના માનવી સુધી પહોંચીને લોકોના દુઃખ દૂર કરી રહી છે.

કોરોના કાળમાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને એક તાંતણે બાંધીને રાષ્ટ્રની પૂરેપૂરી સેવા કરી છે અને આ સમયે દેશની ઘણી સંસ્થાઓએ સહયોગ પણ આપ્યો હતો એમ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ મ્છૈંજી સંસ્થાના આ પારિવારિક શાંતિ અભિયાને બિરદાવતા કહ્યું કે આ અભિયાનને સમાજ ઉપર એક અનોખી છાપ છોડી છે એટલું જ નહિ પારિવારિક શાંતિ અભિયાનએ સુખી રાષ્ટ્રના નિર્માણમાં મહત્વનું કદમ પણ છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, આ અભિયાન થકી જે સ્વયંસેવકો ૨૦ લાખથી વધુ લોકોને સુખ શાંતિનો સંદેશ આપ્યો છે જેના થકી આવનારા સમયમાં ગુજરાત અને દેશને ઘણો મોટો ફાયદો પણ થવાનો છે.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, સમ્રગ વિશ્વમાં જો કોઈ સંસ્થા થકી આ પ્રકારનું શતાબ્દી મહોત્સવનું આયોજન થતું હશે એવી આ પ્રથમ સંસ્થા છે. તેમણે કહ્યું કે, આ અભિયાન થકી આ સંસ્થાએ સમાજ ધડતરના લીડર્સ ગુજરાત અને દેશને આપ્યા છે.

આ અવસરે શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈએ પ્રમુખસ્વામી મહારાજ સાથેના પોતાના બાળપણના કેટલાક અનુભવો પણ શેર કર્યા હતા.

આ અવસરે બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત ૭૨ હજારથી વધુ સ્વયંસેવકો ૧૭થી વધુ રાજ્યોની મુલાકાત લઈને ઘરે ઘરે જઈને પરિવારિક શાંતિ અભિયાનનો સંદેશ પહોંચાડ્યો છે.

આ અવસરે પૂજ્ય કોઠારી સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, પુજ્ય યજ્ઞપ્રિય સ્વામી તેમજ સંતો અને હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### વય મર્યાદા ૪૦ની જગ્યાએ ૪૫ કરતા નોકરી મળવા આશા

# ૪૨ વર્ષે બિન સચિવાલયની પરીક્ષા આપવા પહોંચ્યા ઉમેદવાર

## દિવ્યાંગ ઉમેદવાર મનહર સંગાડા પરીક્ષા આપવા પહોંચ્યા હતા : તેઓ બીજીવાર પરીક્ષા આપી રહ્યા હતા

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા યોજાઈ હતી. જેમાં રાજ્યના ૩૨ જિલ્લામાં ૩૨૪૩ કેન્દ્રો પર બિન સચિવાલય ક્લાર્ક પરીક્ષા ઉમેદવારો આપી છે. છેલ્લા ત્રણ વર્ષથી બિનસચિવાલયની પરિક્ષાની કોઈને કોઈ કારણ સર રદ થતી હતી.

ત્યારે ગાંધીનગર જિલ્લામાંથી આવેલા ૪૨ વર્ષીય મહિલા ઉમેદવાર પરીક્ષા આપવા પહોંચ્યા હતા. કોરોનાના કારણે વયમર્યાદામાં મળેલી છૂટછાટના કારણે ૪૨ વર્ષે પરીક્ષા આપવા આવેલા મહિલા ઉમેદવારએ સરકારી નોકરી મળે તેવી આશા વ્યક્ત કરી છે. ત્રણ વર્ષ બાદ યોજાયેલી બિનસચિવાલય પરીક્ષાને લઈ ઉમેદવારઓ ખૂબ જ અશાસ્પદ છે.

જેમાં ગાંધીનગરથી આવેલા દક્ષાબેન મકવાણા ૧૦ વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હતા. જેઓ ૪૨ વર્ષે પણ પરીક્ષા આપવા પહોંચ્યા હતા.

જેઓએ જણાવ્યું કે, આટલા વર્ષે પરીક્ષા લેવાઈ રહી છે ત્યારે પરિક્ષાનું પરિણામ સારું આવવું જોઈએ. પેપર ફૂટવાની જે ઘટના બને છે તે ન બનવી જોઈએ. તેમજ પરિણામ ઝડપથી આવવું જોઈએ. હું છેલ્લા દસ વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું છું.

અત્યારસુધીમાં હાયર સેકન્ડરી, ટાટ , ટેટ કંડકટર પરીક્ષા આપી છે. બિનસચિવાલયની ત્રીજીવાર પરીક્ષા આપું છું. અગાઉ ૨ વાર રદ થઈ હતી. મારા પતિ પ્રાઈવેટ જોબ કરે છે.

એક ચાર વર્ષની બેબી અને એક ત્રણ વર્ષનો બાબો છે. કોરોનાના કપરા કાળમાં સરકારી જોબ મળી જાય તેવી આશા છે. તો બીજીતરફ દાહોદથી આવેલા દિવ્યાંગ ઉમેદવાર મનહર સંગાડા બિનસચિવાલય પરીક્ષા આપવા પહોંચ્યા હતા. તેઓ બીજીવાર પરીક્ષા આપી રહ્યા છે. તેઓએ જણાવ્યું કે, પરિવારજનો મજૂરી કરે છે. સરકાર દ્વારા દિવ્યાંગોને પૈસા અપાય તેમાંથી પરીક્ષાની તૈયારી કરે છે.

હું પાંચ વર્ષથી તૈયારી કરું છું અને અત્યાર સુધીમાં સાત જેટલી સ્પર્ધાત્મક પરીક્ષા આપી છે. DGVCL પરીક્ષા પણ આપી હતી. મહત્વનુ છે કે, બિનસચિવાલયની પરીક્ષા સાથે અનેક ઉમેદવાર ત્રણ વર્ષે પણ પરીક્ષા લેવાઈને પરિણામ ઝડપથી જાહેર કરી નોકરીના નિમણૂક આપી દે તેવી આશા ઉમેદવારઓએ વ્યક્ત કરી છે.